અપીલ અરજી નં.૧૦૫ તા.૧૪–૭–૦૯ /૧૦

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ (૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન
(૨) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૦–૬–૦૯ની અરજીથી સબંધિત વિભાગમાં તા.૯–૪–૦૯ ના રોજ વિગતવાર કરવામાં આવેલ અરજી બાબતે અધિકારીએ કર્મચારી પાસેથી શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને કોઈ ન કરી હોય તો શા માટે? જેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૪–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૫/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની સબંધિત વિભાગને તા.૯–૪–૦૯ ના રોજ વિગતવાર કરવામાં આવેલ અરજી બાબતે અધિકારીએ કર્મચારી પાસેથી શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને કોઈ ન કરી હોય તો શા માટે? જેની માહિતી આપવા બાબતે વીજીલન્સ વિભાગની કરેલી કાર્યવાહીની જાણકારી તેમજ વોર્ડ નં.૪/એ ના કંપાઉન્ડમાં સ્ટ્રોમ ડ્રેનેજ લાઈન નાંખવા બાબતે લેવલ અને ડીઝાઈન અંગે ના પ્રશ્નોની રજૂઆત કરી એપેલેટ ઓફિસરને તા.૧૪–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ / ૪૨૦ તા.૨૨–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સીઝેડ/આ.૫૮૪ તા.૪–૮–૦૯થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. વી.આઈ.ડી/ ૬૧૬ તા.૩–૮–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પુરી પાડવામાં આવેલ.

અરજદારની તા.૯–૪–૦૯ની અરજીથી વોર્ડ નં.૪– એ પાસે દાણાપીઠ રોડ પર સુ.મ.પાલીકાએ નવી ડ્રેનેજ લાઇન કોન્ટ્રાકટર પાસે બનાવડાવી હોય આ ડ્રેનેજ લાઈન રોડ લેવલથી ઉંચાઈ પર બનાવવામાં આવેલ હોય તેમજ કામ થઈ ગયા બાદ કોન્ટ્રાકટરે સાફ સુફ કરી છારૂ ઉચકવાની જવાબદારી હોય તેમ છતાં વોર્ડ નં.૪–એ ના લોકસેવા વિભાગના કર્મચારી પાસે સાફસુફ તેમજ છારૂ ઉચકવામાં આવેલ હોય તે શા માટે? તથા આ પેમેન્ટ અટકાવવા બાબતે તા.૧૦–૬–૦૯ની અરજીથી અધિકારીએ કર્મચારી પાસેથી શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને કોઈ ન કરી હોય તો શા માટે? જેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૪૨૨ તા.૭–૭–૦૯ થી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમા વોર્ડ નં.૪/એ ઓફિસ પાછળ જુની સ્ટ્રોર્મ ડ્રેનેજ લાઈન તૂટી જવાથી નવી સ્ટ્રોર્મ ડ્રેનેજ લાઈન રીપ્લેશ કરવાની હોય, હયાત સ્ટ્રોર્મ ડ્રેનેજ લાઈનના ઈનલેટ અને આઉટલેટને ધ્યાને લઈ કન્સલ્ટન્ટની ડિઝાઈનના આધારે સ્ટ્રોર્મ ડ્રેનેજ ની કામગીરી હાથ ધરવામાં આવેલ અને તે મુજબ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. વધુમાં ઈજારદારે વધારાની માટી સ્ક્રેપીંગ કરી ટ્રેન્ચ લેવલ કરેલ પરંતુ મેટલ ગ્ર ાઉટીંગ કરવાના કામે થયેલ ખોદાણની માટી અને ગુજરાત ગેસ/ સુરત ઈલે. કુ. ના ફોલ્ટને કારણે ફરીથી ટ્રેન્ચ લેવલ કરી વધારાની માટી ઉપાડી જુની સ્ટ્રોર્મ ડ્રેનેજના હયાત બોક્ષને લોકસેવા વિભાગ મારફત પૂરાણ કરવામાં આવેલ છે. એમ જણાવેલ. જયારે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર ધ્વારા આઈ.ડી.નં.૨૫૭ તા.૧૦–૬–૦૯ થી તા.૯–૪–૦૯નાં રોજ આપેલ અરજી વિજીલન્સ ખાતામાં આવેલ ન હોય તે મુજબનો જવાબ કાર્યપાલક ઈજનેર (સેન્ટ્રલ ઝોન) ને કરવામાં આવેલ પરંતુઅરજદારને કોઈ માહિતી આપી હોવાનું જણાતુ નથી. અરજદારે અપીલ અરજીમાં આપેલ મહિતી સંતોષકારક નથી તેમજ સાચી નથી તથા વિજીલન્સ વિભાગ તરફથી માહિતી ન મળેલ હોવાનું જણાવેલ. પરંતુ સેન્ટ્રલઝોન જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક ૨૯૫ તા.૧૧–૬–૦૯થી વીજીલન્સ ને આરટીઆઈ અરજી તબદીલ કર્યાનું જણાય છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૬–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી હકીકતલક્ષી વિગત પુરી પડાયેલ છે. જયારે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ હકીકત આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ લેવલીંગની ખામી, કન્સલ્ટન્ટની ડીઝાઈન અંગે ખાત્રી તથા અન્ય એજન્સીઓની ખામી છાવરવા બાબતેની અલાયદા મુદ્દાની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલગ અરજી લાગત જાહેર માહિતી અધિકારીને કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન/ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ